ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૨-૨૦૧૨, બુધવાર

તંત્રી સ્થાનેથી.....

ગંદા રાજકારણથી બચવાની જરૂર

દીપક ચૌરસિયા જેવા પીઢ પત્રકારે મોટું મન રાખવાની જરૂર છે.

જસ્ટિસ માર્કંડેય કાટજૂ કોઇ સામાન્ય માણસ નથી. તેઓ સુપ્રીમ કોર્ટનાં ન્યાયાધીશ તરીકેની નમૂનેદાર કારકિર્દી પછી નિવૃત્ત થયા તે પછી સરકારે એમને પ્રેસ કાઉન્સિલના અધ્યક્ષ તરીકેની મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. સંભ્રાંત કુલીન પરિવારમાંથી આવતાં કાટજૂનો સ્વભાવ જરૂર થોડો ઉગ્ર છે, એ વાત વાતમાં ગુસ્સે થઇ જતા હોય છે પરંતુ એમની શુભ નીયત વિશે તો એમના કટ્ટર વિરોધી પણ શંકા નહીં કરી શકે. 'પેઇડ ન્યૂઝ' જેવા મુદ્દે એમણે કડક વલણ અપનાવ્યું હોવાની વાત ખૂબ જાણતી છે. એક અંગ્રેજી અખબારમાં એમણે નરેન્દ્ર મોદી વિશે સીધી કે આડકતરી રીતે ઘસાતું લખાણ લખીને સામેથી જ વિવાદ વહોરી લીધો છે. અરૂણ જેટલી સ્વાભાવિક રીતે જ મોદીની તરફેણમાં મેદાનમાં આવી ગયા અને પછી બેઉ મહારથીઓ વચ્ચે શાબ્દિક બથ્થંબથ્થા શરૂ થઇ ગઇ. જસ્ટિસ કાટજૂએ 'જેટલીએ રાજકારણ છોડીને ભજન કીર્તનમાં જોડાઇ જવું જોઇએ' એવું વિદાન કર્યું તો સામે જેટલીએ જસ્ટિસ કાટજૂ બંધારણીય હોદ્દો ધરાવતા હોઇ એમણે રાજકારણમાં ડખો નહીં કરવો જોઇએ એવી વાત કરી. એમણે તો ત્યાં સુધી કહી દીધું કે જસ્ટિસ કાટજૂ કોંગ્રેસીઓ કરતાં પણ સવાયા કોંગ્રેસી છે. બહેતર થશે કે તેઓ પ્રેસ કાઉન્સિલનું પદ છોડી કોંગ્રેસના પ્રવક્તા બની જાય. એમણે ન્યાયમૂર્તિને વધારે કેસ તો, કોંગ્રેસે એમને નિવૃત્તિ પછીઆ પદની નવાજેશ કરી એનો તેઓ બદલો વાળી રહ્યાં હોવાનું કહીને પહોંચાડી. જસ્ટિસ કાટજૂએ સામો જવાબ વાળવામાં જરા પણ વાર ન લગાડી. જેટલીએ અંશુમાનસિંહ જેવા વિવાદાસ્પદ જજની પહેલાં તો બદલી કરી નાખી હતી, પછી એમને રાજયપાલ તરીકે નીમી દીધાં! એવો જ બીજા એક જજનો કિસ્સો પણ એમણે જાહેર કર્યો. ઇન્ડિયા ન્યૂઝ ચેનલના મુખ્ય સંપાદક દીપક ચૌરસિયાએ આ બેઉ કિસ્સાઓમાં જેટલી એ શું ખોટું કરેલું તે વિશે વિગતે માહિતી આપવાનો આગ્રહ રાખ્યો તે જસ્ટિસ કાટજૂને ખૂચ્યું. એ અડધા ઇન્ટરવ્યુએ ઉભા થઇ ગયા અને દીપક ચૌરસિયાને ગરમ થઇને 'ગેટ આઉટ' પણ કહી દીધું. પ્રેસ કાઉન્સિલના ચેરમેન તરીકે જસ્ટિસ કાટજૂ ઘણી સારી કામગીરી બજાવી રહ્યાં છે, એમણે જરૂર પડ્યે કોંગ્રેસી સરકારોને પણ ખખડાવી છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીની વિરૂધ્ધ પણ બોલ્યા છે અને મહારાષ્ટ્રમાં બાળાસાહેબ ઠાકરેના અવસાન વખતે ટ્વિટર પર કોમેન્ટ કરવા બદલ જે બે યુવતીઓની ધરપકડ કરાયેલી, એમની પણ તરફેણમાં ખુલ્લંખુલ્લા નિવેદન કરેલાં છે. જસ્ટિસ કાટજૂની ઇમાનદારી કે ગુણવત્તા વિશે ભાગ્યે જ કશું વાંધાજનક વિદાન કરી શકાય પરંતુ એમની ઉગ્ર પ્રકૃતિ એમને વારંવાર રક્ષણાત્મક સ્થિતિમાં મૂકતી રહી છે. વિકાસની વ્યાખ્યા કરતાં એમણે ગુજરાતના તથાકથિક વિકાસ તથા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિશે જે વિદાનો કર્યાં છે તેમાં ઘણું બધું તથ્ય છે. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે એક સ્ટેચ્યુટરી સરકારી પ્રતિષ્ઠાનનો અધ્યક્ષ થઇ જવાથી હું ભારતનો નાગરિક મટી જતો નથી. મને નાગરિક તરીકે બોલવાનો મૂળભૂત અધિકાર છે એટલે મને જે કંઇ સાચું લાગશે તે બેધડક બોલતો રહીશ. દીપક ચૌરસિયાએ વાતનું વતેસર કરી એક ઇમાનદાર મહાનુભાવને બદનામ કરવાનું વલણ અપનાવ્યું છે; એમણે પોતાના અપમાનને સમગ્ર પત્રકાર જગતનું અપમાન ગણાવી જસ્ટિસ કાટજૂ સામે રીતસરની ઝુંબેશ શરૂ કરી છે અને ભારતીય જનતા પાર્ટીના નેતાઓને એમની નેતાગીરીને પડકારનારા પૂર્વ ન્યાયમૂર્તિ સામે મોરચો ખોલવાની સોનેરી તક મળી છે. આવા ગંદા રાજકારણથી બચવાની જરૂર છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઊર્જા સંરક્ષણ રેલી યોજાઇ

રેલીમાં ૧૨૦ શાળાઓના ૨૬૦૦ વિદ્યાર્થીઓ અને ૧૫૦ શિક્ષકો જોડાયા

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત ઊર્જા વિકાસ સંસ્થા,

ગાંધીનગરના ઉપક્રમે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઊર્જા સંરક્ષણ રેલી-૨૦૧૨-૧૩ અંતર્ગત ઊર્જા રેલીનું ૧૯મી ફેબ્રુઆરીના રોજ મહારાણા પ્રતાપ વિદ્યા મંદિર સરકારી માધ્યમિક શાળા, સેક્ટર-૨૭,

ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. રેલીમાં ગાંધીનગર જિલ્લાની બાલ ઊર્જા રક્ષક દળ સાથે જોડાયેલી ૧૨૦ શાળાઓનો ૨૬૦૦ વિદ્યાર્થીઓ તથા ૧૫૦ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો.

ઊર્જા રેલીમાં મુખ્ય મહેમાન તરીકે રજનીભાઈ પટેલ મંત્રી, ગૃહ વિભાગ (રાજયકક્ષા) અને અતિથિ વિશેષ તરીકે અશોકભાઈ આર. પટેલ, ધારાસભ્ય, ગાંધીનગર ઉત્તર વિધાનસભા તથા શંભુજી ઠાકોર, ધારાસભ્ય, ગાંધીનગર દક્ષિણ વિધાનસભા, પ્રકાશભાઈ પટેલ, કોર્પોરેટર ગાંધીનગર મહાનગર પાલિકા, શ્રીમતી જાગૃતીબેન પુરોહિત, કોર્પોરેટર ગાંધીનગર મહાનગર પાલિકા, ઈ.આઈ. જાદવભાઈ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર, નરેશભાઈ ઠાકર, પર્યાવરણ ઈજનેર, શ્રીમતી પદમાબેન પટેલ, આચાર્ય, મહારાણા પ્રતાપ વિદ્યામંદિર અને નિસર્ગ સાયન્સ સેન્ટરનાં મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

રજનીભાઈ પટેલે તેમના

વક્તવ્યમાં ગ્લોબલ વોર્મીંગ અને ક્લાઈમેટ ચેન્જ માટે ઉર્જાનો વપરાશ જવાબદાર હોય, ઉર્જા પ્રત્યે સંવેદનશીલ બની ઉર્જાનો બચાવ કરી દેશના વિકાસમાં યોગદાન આપવાની વાત કરી હતી. અનિલભાઈ પટેલે બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમની સમજ આપી હતી તેમજ વિદ્યાર્થીઓ દ્વારા નાની નાની બાબતોને ધ્યાનમાં રાખી કઈ રીતે ઉર્જા બચત કરી શકાય તેની વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત બાલ ઊર્જા રક્ષક દળનાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. રજનીભાઈ પટેલ દ્વારા રેલીને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલી મહારાણા પ્રતાપ વિદ્યામંદિર, સેક્ટર-૨૭થી શરૂ થઈ સાંઈ બાબા મંદિર, સેક્ટર-૨૭, સેક્ટર-૨૪, ચાર રસ્તા, આરાધના વિદ્યવિહાર, સેક્ટર-૨૭થી શરૂ થઈ પરત ફરી હતી. આ રેલીમાં વિદ્યાર્થીઓ કેપ, બેન્ડ, ફલેગ, પ્લેકાર્ડ, બેનર વગેરે લઈને ઊર્જા બચાવોનાં સૂત્રો પોકારીને ગાંધીનગરનાં માર્ગોમાં ઊર્જા બચાવવા પ્રત્યે જાગૃતતા લાવવા પ્રયત્નો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ તથા શિવાંગ પટેલ તેમજ મહારાણા પ્રતાપ વિદ્યામંદિરના શિક્ષક હરેશભાઈ ઠાકર તથા શાળાના વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

અમને સાચવો, હજુ વખત હાથમાં છે પેટ્રોલ ખુટી જશે પછી ઘોડા તો શું... ગધેડા પણ નહીં મળે તમને...!!

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં ધોરણ ૧૦ ૧૨ના વિદ્યાર્થીનીઆનો શુભેચ્છા સમારંભ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ધોરણ ૧૦-૧૨ની વિદ્યાર્થીનીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. મુખ્ય મહેમાન કલ્યાણસિંહ ચંપાવતના અધ્યક્ષ સ્થાને યોજાયો. આચાર્યા સંતોકબેન ચૌધરીએ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપવા શીખ આપી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સારો દેખાવ કરવા બદલ ઈનામો આપવામાં આવ્યા હતા. તેમજ શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી.

મને સાથ આપીશ ને...!! ગુજરાતી નાટક ભજવાશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીની સાંસ્કૃકિ વારસાની જાળવણી યોજના અંતર્ગત કર્ણાવતી સાંસ્કૃતિક કલા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સ્ત્રી પ્રધાન સામાજિક દ્વિઅંકી મૌલિક ગુજરાતી નાટક 'મને સાથ આપીશ ને..!!' તા. ૨૫મી ફેબ્રુઆરી ૨૦૧૩ને સોમવારે રાત્રે ૯ કલાકે ગાંધીનગર શહેરના સેકટર-૧૭માં આવેલા ટાઉનહોલ ખાતે ભજવાશે.

ડૉ. રાજેન્દ્ર દત્ત લિખિત અને દિગ્દર્શીત નાટકના નિર્માતા આકાશ દત્ત છે. નાટકમાં પ્રાપ્તિ અજવાળયા, હિતાર્થ મહેતા, નેહા પટેલ, ત્રિભોવનદાસ સોલંકી, હાર્દિક પટેલ, ડૉ. રાજેન્દ્ર દત્ત અભિનયના અજવાળા પાથરશે.

શેઠ સી.એમ. હાઈસ્કૂલના ધો-૧૦ વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ

શેઠ સી.એમ. હાઈસ્કૂલ ગાંધીનગરમાં ધોરણ-૧૦ વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. ગાયત્રી પરિવારના બી.એસ. ઠક્કર, ગોવિંદભાઈ જાની, જશુબેન ઠક્કર, કલ્પનાબેન પંડ્યાએ આશીર્વાદ તથા શુભેચ્છા પાઠવી હતી. હસમુખભાઈએ વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. શ્રીમતી વંદનાબેન મેવાડાએ સંચાલન કર્યું હતું.

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ત્રીજી એથ્લેટીક સ્પર્ધા યોજાઈ

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઑફ ઈન્ડિયા, સેકટર-૧૫ ખાતે ત્રીજી એથ્લેટીક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એથ્લેટીકની ૨૦ સ્પર્ધાઓનું

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા ત્રીજી એથ્લેટીક સ્પર્ધાનું આયોજન આજ રોજ સવારે ૯.૩૦ કલાકે, સેકટર-૧૫માં આવેલ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ આયોજન કરવામાં આવ્યું હતું. તથા વર્ષ દરમ્યાન વિવિધ એથ્લેટીક સ્પર્ધાઓમાં વિજેતા બનેલા ૪૨૭ વિદ્યાર્થીઓને સિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

ઈન્ડિયા ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. ૧૦૦મીટર, ૨૦૦, ૧૦૦૦, અને ૧૫૦૦ મીટર દોડ, ગોળા ફેંક, ચકફેંક, લાંબી કુદ, ઉંચીકૂદ, લંગડી ફાળકૂદ, બરછી ફેંક, વિઘ્ન દોડ, જેવી ૨૦ સ્પર્ધાઓમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ૧૭ કોલેજોમાંથી ૪૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

યુનિવર્સિટી દ્વારા આયોજિત એથ્લેટીક સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારંભના મુખ્ય મહેમાન તરીકે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. જતીનભાઈ સોની, સર્વ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડી.ટી. કાપડીયા, કોમર્સ ફેકલ્ટીના ડીન ડૉ. જે.જે. ભટ્ટ, કોમ્પ્યુટર ફેકલ્ટીના ડીન ડૉ. એન.એન. જાની ઉપસ્થિત રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. વર્ષ દરમ્યાન રમત-ગમતની વિવિધ સ્પર્ધામાંઓમાં વિજેતા ૪૨૭ ખેલાડીઓને સિલ્ડ તથા પ્રમાણપત્ર ઉપસ્થિત મહેમાનોના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં.

ખેલાડીઓનો ઉત્સાહ વધારતાં ઉપસ્થિત ડૉ. જતીન સોનીએ જણાવ્યું હતું કે, વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક તંદુરસ્તી પણ અનિવાર્ય છે. એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.

ત્રીજી એથ્લેટીક સ્પર્ધામાં ૧૭ કોલેજના ૪૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજમાંથી ચૌધરી પૃથ્વી, રાઠોડ જાગૃતિ બેસ્ટ એથ્લેટ જયારે અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાંથી આશિષ સવાણીને બેસ્ટ એથ્લેટ જાહેર કરવામાં આવ્યા હતાં. એથ્લેટીકસ સ્પર્ધામાં વાય.એસ. અસાફા, વી.એમ. તિવારી તથા તેમની સમગ્ર ટીમે નિર્ણાયક તરીકેની સેવાઓ આપી હતી. સંચાલન કડી સર્વ વિશ્વવિદ્યાલયના કો-ઓર્ડીનેટર પ્રા. રણછોડભાઈ રથવી તથા તેમની ટીમે કર્યું હતું.

TAT/TET/ આગામી RMSA કર્મયોગી શિક્ષકો માટે ઉપયોગી પ્રશ્નોત્તર

સામાન્ય જ્ઞાન કસોટી-૪

(ગતાંકથી આગળ...)

(૨૬) બહુ ઝડપથી શોધી શકાય એવું અને સૌથી ઓછું આધારભૂત મધ્યવર્તી સ્થિતિનું માપ નીચેનામાંથી કર્યું છે?
(ક) મધ્યક
(ખ) મધ્યસ્થ
(ગ) બહુલક
(ઘ) ઉપરનું એક પણ નહીં

(૨૭) ૩૦, ૨૧, ૨૬, ૨૮, ૨૧, ૨૭, ૧૯, ૨૧ અને ૧૭ પ્રાપ્તાંકોનો બહુલક શું થાય?
(ક) ૩૦
(ખ) ૨૧
(ગ) ૧૭
(ઘ) ૨૮

(૨૮) અગ્રિમ સંશોધનોમાં મધ્યવર્તી સ્થિતિના કયા માપનો ઉપયોગ થાય છે?
(ક) મધ્યક
(ખ) મધ્યસ્થ
(ગ) બહુલક
(ઘ) એક પણ નહીં

(૨૯) ૩૬, ૩૨, ૪૯, ૫૪, ૫૨, ૬૧, ૫૮નો મધ્યસ્થ શું થાય?
(ક) ૬૦.૫
(ખ) ૩૨.૫
(ગ) ૫૦.૫
(ઘ) ૫૫.૧૦

(૩૦) સહસંબંધાંકનું મૂલ્ય કેટલું હોય?
(ક) ૧ થી ૧.૫૦ ની વચ્ચે
(ખ) -૧ થી +૧ ની વચ્ચે
(ગ) ૦ થી -૧ની વચ્ચે
(ઘ) ૦ થી +૧ની વચ્ચે

(૩૧) ફિલ્મ-સ્ટ્રીપની મર્યાદા નીચેનામાંથી કઇ છે?
(ક) ફિલ્મ સ્ટ્રીપ ખૂબ મોંઘી છે
(ખ) ચિત્રો યોગ્ય ક્રમમાં હોતા નથી
(ગ) તેમાં ગતિ દર્શાવી શકાતી નથી.
(ઘ) તેમાં ચિત્ર અને લખાણ હોય છે

(૩૨) વિદ્યાર્થીની કોઇ વિષયની કચાશ જાણવા કયા પ્રકારની કસોટી યોજવામાં આવે છે?
(ક) ગુણાત્મક
(ખ) નિદાનાત્મક
(ગ) ઉપચારાત્મક
(ઘ) અનાત્મલક્ષી

(૩૩) આદર્શ પ્રશ્નપત્ર રચતાં પહેલાં શું તૈયાર કરવું જોઇએ?
(ક) નમૂનાનું પ્રશ્નપત્ર
(ખ) બ્લ્યુ પ્રિન્ટ
(ગ) પ્રશ્નોની સંખ્યા
(ઘ) વિદ્યાર્થીઓએ કરેલી તૈયારી

(૩૪) મૂલ્યાંકનમાં હેતુઓનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કયા નિષ્ણાતે આપ્યું છે?
(ક) બેન્જામીન બ્લૂમ
(ખ) થોર્નડાઇક
(ગ) સર પી.ટી. નન
(ઘ) બી.એફ. સ્કિનર

(૩૫) ન સમજાયું? ફરી સમજાવું? આકૃતિ દોરીને સમજાવું? શિક્ષક જયારે આવા શબ્દો બોલે તે બનાવ કયા ઘટકમાં નોંધાય?
(ક) વિદ્યાર્થી પહેલ કરે
(ખ) લાગણી સ્વીકાર
(ગ) વિદ્યાર્થી વિચાર સ્વીકાર
(ઘ) વિષયવસ્તુ પ્રદાન

(૩૬) પોતાની ઇચ્છા કે વિચારોનું બીજા પર આરોપણ કરવાને શું કહેવામાં આવે છે?
(ક) તાદાત્મય
(ખ) પ્રક્ષેપણ
(ગ) યૌક્તિકીરણ
(ઘ) દમન

(૩૭) આઠ પેટા કસોટી ધરાવતી અભિયોગ્યતા કસોટીને શું કહેવામાં આવે છે?
(ક) ડી.એ.ટી **(DAT)**
(ખ) યાંત્રિક અભિયોગ્યતા કસોટી
(ગ) શાબ્દિક અભિયોગ્યતા કસોટી
(ઘ) કસોટીસમૂહ

(૩૮) માનસિક સ્વાસ્થ્યમાં લક્ષણો કોણે જણાવ્યાં છે?
(ક) મેરીજહોડા
(ખ) કોલમેન
(ગ) કેયલીન
(ઘ) હીલગાર્ડ

(૩૯) અનુકૂલન સાધેલી વ્યક્તિ કેવી હોય છે?
(ક) સફળ
(ખ) માનસિક રીતે સ્વસ્થ
(ગ) બુધ્ધિશાળી
(ઘ) શારીરિક રીતે સ્વસ્થ

(૪૦) ફ્રોઇડનું મુખ્ય કાર્ય શાના પર કેન્દ્રિત થયું હતું?
(ક) પ્રેરણા
(ખ) જાગૃત પ્રેરણા
(ગ) અજાગૃત પ્રેરણા
(ઘ) અભિપ્રેરણા

(૪૧) ..... વ્યક્તિને વિશેષ ક્રિયાશીલ બનાવે છે
(ક) ખંત
(ખ) બુધ્ધિ
(ગ) ઉત્સાહ
(ઘ) પ્રેરણા

(૪૨) અધ્યયનના ક્ષેત્રમાં કયો ખ્યાલ ખૂબ ઉપયોગી નીવડ્યો છે?
(ક) પ્રત્યાયન
(ખ) જ્ઞાન
(ગ) પ્રશિક્ષણ સંક્રમણ
(ઘ) આંતરસૂઝ

(૪૩) શિક્ષણ અને મનોવિજ્ઞાન વચ્ચે સંબંધ સ્થાપિત કરવાનો યશ કોને ફાળે જાય છે?
(ક) પેસ્ટેલોજી
(ખ) સ્કીનર
(ગ) ફ્રોઇડ
(ઘ) ઍડલર

(૪૪) વ્યવહારવાદ કઇ શિક્ષણ પધ્ધતિની હિમાયત કરે છે?
(ક) સ્વાધ્યાય
(ખ) વ્યાખ્યાન
(ગ) પ્રોજેક્ટ
(ઘ) પ્રદર્શન

(૪૫) જહોન ડયૂઇ વ્યવહારવાર અનુસાર કેવા પ્રકારની શિસ્તના વિરોધી હતા?
(ક) મુકત શિસ્ત
(ખ) પરંપરાગત શિસ્ત
(ગ) સહેતુક શિસ્ત
(ઘ) એક પણ નહીં

(૪૬) વ્યવહારવાદ અનુસાર અભ્યાસક્રમ કેવો હોવો જોઇએ?
(ક) બાહ્ય બંધનોથી જડાયેલો
(ખ) મુક્ત - અભ્યાસ કેન્દ્રી
(ગ) વિષય પ્રણાલિકા પર આધારિત
(ઘ) જીવનની વાસ્તવિક પરિસ્થિતિ પર આધારિત

(૪૭) 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'- માં કયા વાદના દર્શન થાય છે?
(ક) વ્યવહારવાદ
(ખ) પ્રકૃતિવાદ
(ગ) આધ્યાત્મિકતાવાદ
(ઘ) આદર્શવાદ

(૪૮) ગુજરાતી ભાષામાં અભિરૂચિ સંશોધનિકાના રચયિતા નીચેનામાંથી કોણ છે?
(ક) જે.સી. પરીખ
(ખ) કે.જી. દેસાઇ
(ગ) નંદશંકર શુક્લ
(ઘ) ગુણવંત શાહ

(૪૯) આદર્શવાદને શિક્ષણમાં લાવનાર કયા તત્ત્વ ચિંતક નથી?
(ક) એરિસ્ટોટલ
(ખ) ફ્રોબેલ
(ગ) પેલ્ટોલોજી
(ઘ) પ્લેટો

(૫૦) પેટ્રિક આદર્શવાદની તુલના કોની સાથે કરી છે?
(ક) મન
(ખ) ભૌતિકવાદ
(ગ) જગત
(ઘ) આદર્શો

ઉત્તરો :

(૨૬) ગ (૨૭) ખ (૨૮) ક (૨૯) ગ (૩૦) ખ (૩૧) ગ (૩૨) ક (૩૩) ખ (૩૪) ક (૩૫) ખ (૩૬) ખ (૩૭) ક (૩૮) ક (૩૯) ખ (૪૦) ગ (૪૧) ઘ (૪૨) ગ (૪૩) ક (૪૪) ઘ (૪૫) ખ (૪૬) ઘ (૪૭) ઘ (૪૮) ક (૪૯) ક (૫૦) ખ

(પૂર્ણ)

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર